**મહેસાણાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારી શ્રી એમ.એમ.અગ્રવાલ સમક્ષ.**

**રીકવરી (સી–૨) અરજી નં.૬૪/૨૦૨૧**

**આંક–૧૩**

અરજદાર – (૧) રબારી રામજીભાઈ તળજાભાઈ
(૨) પટેલ દિનેશભાઈ શીવરામભાઈ
(૩) ઠાકોર બાદરજી ધુળાજી
(૪) પટેલ શૈલેષભાઈ પ્રહલાદભાઈ
(૫) પટેલ અરવિંદભાઈ રણછોડભાઈ
(૬) નાડોદા પરેશકુમાર હેમાભાઈ
(૭) પટેલ વિનોદકુમાર હરગોવનભાઈ
(૮) પટેલ દક્ષાબેન ખોડાભાઈ
C/o, નવજયોત ઓલ ગુજરાત લેબર યુનિયન,
સિવિલ કોર્ટ સામે, મુ.તા.કડી, જી.મહેસાણા.

// વિરૂધ્ધ //

સામાવાળા – (૧) વહીવટદારશ્રી,
શ્રી સુંઢીયા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી.
મુ.સુંઢીયા, તા.વડનગર, જી.મહેસાણા.
(૨) જીલ્લા રજીસ્ટ્રારશ્રી,
જીલ્લા રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ,
બહુમાળી મકાન, રાજમહેલ પાસે, મહેસાણા.

**<u>પ્રતિનિધિત્વ</u> –**

અરજદારો તરફે – વિ.પ્રતિનિધિશ્રી એ.આર.શાહઝાદા.
સામાવાળા તરફે – વિ.વકીલશ્રી વી.એસ.ત્રિવેદી.

**બાબત – આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)૨ મુજબની વસુલાત અરજી.**

સદર કામે અરજદારો ધ્વારા આંક–૧૨ થી વિડ્રો પુરસીસ રજુ કરેલ છે જેમાં નીચે મુજબ હુકમ કરવામાં આવેલ છે.

# ઃ– હુ ક મ ઃ–

અરજદારો તથા તેમના પ્રતિનિધિશ્રી હાજર છે. સામાવાળા તથા તેમના વિ.વકીલશ્રી તરફે હાજર છે. આજ રોજ અરજદારોએ આંક–૧૨ ની અરજીમાં જણાવ્યા મુજબ તમામ અરજદાર કામદારોને સામાવાળા સંસ્થા સાથે થયેલ સમાધાન મુજબ તેઓના બાકી પગારની રકમ ડીસ્ટ્રીકટ બેંક શાખા– સુંઢીયાના ચેકથી મળી ગયેલ છે. તેથી અરજદારો હાલનો કેસ આગળ ચલાવવા માંગતા ન હોઈ હાલનો કેસ પરત ખેંચવાની પરવાનગી માંગે છે. ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧) આ કેસ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે અને સદરહુ કેસ વિડ્રોથી ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૧૪ માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ નેશનલ લોકઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મહેસાણા.
તા.૧૪/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગરવાલ)
UIC: GJ 01382
પ્રમુખ અધિકારી
શ્રમ અદાલત, મહેસાણા.